૩૩૦૫ શ્રી.

મોતીશા શેઠની આનંદી વારતા

દોહરા તથા ચોપાઇમાં

રચીને પ્રસિદ્ધ કરનાર

ગીરધર શાંકળેશ્વર જપી.

દોહરો.

જશ ગાઇએ મોતી તણા, શાંભળજો સહુ સાર;
પીળા પીતાંબર ધારીએ, કરૂણા કરી તે વાર.
ગીરવાણુ તો જાણું નહીં, લેશ માત્ર નીરધાર;
રચી વાત રળીઆમણી, સમજો સજ્જન સાર.
ધરી ધીર સહુ સાંભળો, વરત્યો મોતી શેઠ;
રતી માત્ર ચુકયો નહીં, રહ્યું નામ જુગ નેટ.

મુંબઈમધ્યે,
"સ્વદેશપ્રકાશ" છાપાખાનામાં છપાવી.
સંવત ૧૯૪૪. સને ૧૮૮૮.
કિમ્મત ૩ આના.
સામટી લેનારને કમીસન મળસે.

પ્રસ્તાવના

મુંબઈ તથા બાહાર ગામના શોખીલા સજ્જનોને હું નમ્રતાપુર્વક વિનંતી કરૂં છું કે મોતીશા શેઠની વારતા દોહરા ચોપાઇમાં રસયુક્ત બનાવવાની લાંબો વખત થયાં મારી આશા થઇ હતી. પણ કોઇ સદગુણીના સંબંધ સીવાય અધુરી રહી હતી. તે થોડા દિવસથી મોહનપુર નીવાસી ગોર ત્રીભોવન અનોપરામનો સમાગમ હોવાથી તેઓની પુરતી મદદ મળી એટલે છપાવી બહાર પાડી છે એમાં ભુલ અથવા ખામી હોયતો સજ્જન વાંચનારાઓએ મહેરબાની કરી માફ કરવી. કેમકે હું કાંઇ જ્ઞાની કે વિદ્વાન નથી, તેમ મારામાં કાંઇ પુસ્તક રચવાની હીમત નથી. પણ ફકત મારો તથા મારા મિત્ર સ્નેહી ત્રીભોવનનો શોખ પુરો પાડવાના હેતુથી બનતી મેહેનત લેઇ ખરા આકારમાં છપાવી બહાર પાડી છે. આશા છે કે વાંચનાર શોખીલા સજ્જનો પુરતો આશરો આપશે.

લી. ગીરધર શાંકળેશ્વર જપી,

રેહેવાસી ઇડર પરગણે ગામ બડોલીના, હાલ મુંબઇ.

ઈશ્વર સ્તુતિ.

જગપતી તુજને હું નમું, વરણવું વારંવાર ;
પીતા તુલ્ય ગણુ પ્રેમથી, રક્ષા કરો નીરધાર. ૧
ગીરજા સુત શુભ ગણપતી, ગાવુ ગુણ સુભ રીત ;
રટુ નામ હું તમતણું, મનમાં રાખી પ્રીત. ૨
ધરૂ ધ્યાન શંકર તણું, બહુ નામી સાક્ષાત ;
રાખે વીશારતા મુજને, ટેક તમારે હાથ. ૩
શાંમલીયા સુજાણ છો, લીલા તમ અપાર ;
કળા સકળને કુશળતા, વાહારે ચડો આ વાર. ૪
લેશ માત્ર ખામી નહી, લાયક તમ લીલાય ;
દા ધ્યાન ગીરધર ધરે, ઉ તમ કેરી સાહ્ય. ૫

श्री १।

श्रीगणेशायनम: श्रीशारदायनम: श्रीगुरूभ्योनम:

શ્રી મોતી શા શેઠની આનંદી વારતા.

દોહરો.

શ્રી સારદા તુજને નમુ, ગણપત લાગુ પાય;
મત્ય આપે તું માવડી, કથા તે પુરણ થાય. ૧
મુરખને પંડીત કરયા, કરી. કીધો કાળીદાસ;
શેવક થઇને વરણવુ, સાય કરો મુજ માય. ૨
વ્યાસે વખાંણી વેદમાં, અનેક મોટા દેવ;
હું આરાધુ ઇસ્વરી, સદા કરૂં તુજ સેવ. ૩
કળીયુગમાં કરૂણા કરી, પંડીત કીધા જેહ;
જે આરાધે તુજને, પાંમે સદા સુખ તેહ. ૪
બાળી બરદાળી બહુચરા, પુરો મનની આશ;
સહુ કવીની રક્ષા કરો, લાજ તમારે પાશ. ૫
સહુ કવીની કર વીનતી, કોઇમાં કરસો રોશ;
સેવક સદા હું સર્વનો, પુરો મનની હોસ. ૬
ગુજર દેશ ગુરૂવો ઘણો, ખંભાતી સુભ ગામ;
રતનસા વેહવારીઓ, રહેછે તેણે ઠામ. ૭

ધન અસખાત છે એહને, તેહ તણો નહીં પાર;
મોતીના એક બેટડા, રૂપ તણો ભંડાર ૮
સ્ત્રી તેની છે પદમણી, સતીતણો અવતાર;
દરસણ કરવા તેહનું, આવે લોક અપાર. ૯
કોટીધ્વજ વેહવારીઓ, ધર્મ ધ્વજ છે બહાર,
જર દોલત સુખ પાલખી, કેહતાં નાવે પાર. ૧૦
સદાવ્રત ઘેર તેહને, નીરમુખ કો નવ જાય;
એકસમે ત્યાં આવીઓ, તપસ્વી જોગીરાય. ૧૧
બાવા અ ગો બાળનાથ, સીધજ બોલ્યો મુખ;
અલેક સણી બાવાતણી, નાગીને થઇ ભખ ૧૨
બાવો મુખથી બોલીઓ, સાંભળ સતી તું નાર,
સદાવ્રત સાચુ હોય તો, ભીક્ષા દે આ વાર ૧૩
આખું નગર તો હું ફર્યો, સતીઓ ન દેખી કોય;
સામી ઉભા વેહવારણી, ભીક્ષા દેજે સોય ૧૪
નારી વેણુજ ઓચરી, સાંભળ જોગી બાળ;
ભીક્ષા લાવું હેતથી, આણી મનમાં વાહાલ. ૧૫
બાધું નગર તો તું ફર્યો, સતીઓ ન દેખી કોય;
ઘડી એક ઉભો રહે તો, ભીક્ષા લાવું હમેય. ૧૬
બાવાને એવું નીમછે, ઉભો નવ રહે દ્વાર;
માટે ત્યાંથી ચાલીઓ, આવ્યો સેહર બજાર. ૧૭
બાવો ચાલ્યો ત્યાંથકી, આવ્યો નગરની બાહાર;
બાગ દીઠો રળીયામણો, બેઠો તે મોજાર. ૧૮
મોતીશા મુખ બોલીયા, સાંભળ રાંભા સાર;
નીરમુખ એતો ક્રણુ ગયું આજ હમારે દ્વાર. ૧૯

સ્ત્રી કહે સ્વામી સુણો, આવ્યો જોગી બાહાર ;
ચંદન તેલ હાથે ઘસ્યું. ભીક્ષાને થઇ વાર. ૨૦
પ્રતીગ્ના છે એહને, ઉભો નવ રહે બાહાર ;
વાર ઘણી લાગી મને, ગયો, વસ્તી મોઝાર. ૨૧
મોતીસા કહે નારી સુણો, ન કર મરદન સાર ;
જે કાળે જેવું બન્યું, એમ લખ્યું કીરતાર. ૨૨

ચોપાઇ.

બોલ્યો શેઠ તે તેણી [illegible] સાંભળજે તું ઘરની નાર ;
આજ અણુપદનું કામ [illegible] કરવા બેઠા હમો. ૨૩
સહસ્ત્ર પેહેડી સદાવરતને [illegible] હમારી વેહેતી ગઇ ;
મારે તો પ્રતીગ્ના ખરી, તેડી લાવુ બાવાને કરી. ૨૪
રૂડી રસોઇ કરજો તમો, તેડી લાવું બાવાને હમો ;
એમ કહીને શેઠજી ગયા, બાવા બાળને સોધી રહ્યા. ૨૫

દોહરો.

ચતુર નાર ચપળસુ, ઉઠી તેણી વાર ;
સાક પાક પકવાંનસુ, કીધા મેવા અપાર. ૨૬
શાંહાજી ચાલ્યો તેડવા, મધ્ય બજારે જાય ;
ગલી કુચી તે પુછતો, પણ બાવો નવ દેખાય. ૨૭
શેઠ તે ચાલ્યા વેગસુ, મનમા કરે વીચાર ;
બાધું નગર સોધી વળ્યો, આવ્યો નગરથી બાહાર. ૨૮
બાવો દીઠો બાગમાં, શાહાજી ચાલ્યો ત્યાહ ;
પ્રદક્ષણા પોતે કરી, બેઠો જઇને ત્યાંહ. ૨૯
બાપાનુંમાગ્યા આગનાથ, લક્ષ્મીને લાગુ પાંય ;
શુધ મતી સદા હમે, ક્ષમા કરો મહારાજ. ૩૦

જાવા ઉઠો વેગેકરી, ક્ષણુ ન કરતા વાર ;
ભાવ કરી પધારીયે, આવો હમારે દ્વાર. ૩૧
બાવો કહે શાહાજી સુણો, નાનુ તારી સાથ ;
ભોજન કરવું નહીં માહરે, માનો મારી વાત. ૩૨
શેઠ કહે બાવા સુણો, લેવી નગરની ભેટ ;
જેને નાવો નગર દીસે, તો પાણી માઉ પેટ. ૩૩
બાવો બોલ્યો રીઝસુ, સાંભળ બગા બાળ :
કઉતીક દેખાડુ દુનીઆતણું: જેને હમારો ખ્યાલ. ૩૪

ચોપાઇ.

બાવા કહે સાંભળરે બાળ, નીદ્રાવશ થાઓ આ વાર;
એટલે તે નીદ્રાવશ થયો, ચમતકાર બાવે ત્યા કયો. ૩૫
જ્યાર નીદ્રાવશ થયો જ્યારે, મારી એક છડી તારે :
ગાર નીદ્રાવશ થયો છે આપ. દીઠાં પુર્વતણું માબાપ. ૩૬
નગર આપ ઉજ્જેણી કહી, ધર્યો ગર્ભ પોતે ત્યાં જઇ,
કોટીધ્વજ મોટા તે સેઠ, ધર્યો ગર્ભ તે સ્રીને પેટ. ૩૭
રતનશા છે તેનું નામ, પોતે પુરતણા પરધાન ;
જનમ થયો જવ પુત્રજતણો, મોટો ઉછવ થયો છે ઘણો ૩૮
આપે શેઠ અનંગળ માલ, ધર્યું નામ મોતીશા બાળ;
ઘણું હરશ થયો કલોલ, થઇ રહ્યા ત્યાંતો રંગ રોળ ૩૯
એમ કરતાં સુતને થયાં વરસ બાર, પરણ્યો પદમણી પોતે નાર;
સ્રી ભરથાર કરે કલ્લોલ એમ કરતાં,સુતને થયાં વરશ સોળ.૪૦
ભોગવે રાજ રૂડુ ઘર સુત્ર, થયો આપ પોતાને પુત્ર ;
એક સમે પોતે તે સેઠ, રૂડાં દાંન આપે છે નેટ. ૪૧
ખાય પીએ ને ખુશીયો કરે; હરશ સોક નવ મનમાં ધરે ;
આવ્યો વણજારો તેણી વાર, કહ્યું તેનો સઘો વીસ્તાર. ૪૨

દોહરો.

લાખો વણઝારો લખપતી, મહીમા કેરી મોટ;
લાવ્યો પોઠ અસંખ્ય લાખ, પંચ લાખેણી પોઠ; ૪૩
આવ્યો વણઝારો ગામમાં. ટાંડુ હાલ્યું ત્યાંહ,
મોહા જોરથી ઉતર્યો, બેઠો જઈને ત્યાંહ. ૪૪
ચાલ્યો પોતે સેહરમાં, વચને બાંધ્યો આપ.
કેસ ઝાલ્યો છે હાથમાં, વીચાર કરે મન સાથ. ૪૫
શેહેર દેખ્યું સોહામણું, દુકાનો હાટ અપાર,
ગલી કુચી તે પુછતો, મધ્ય બજારે સાર. ૪૬
શેઠ બેઠા મોતી ચંદજી, આવ્યા લાખો પાસ,
જુહાર કર્યો વીગતે કરી, બોલ્યો મન ઉલાસ. ૪૭
લાખો બોલ્યો પ્રથમસુ, સાંભળ સા નરેસ,
લાખ સવાયા દામ આપો તમો, લ્યોને હમારો કેસ. ૪૮
મુછ કેસ છે માહરો, આપુ છું તમ હાથ;
જાગી થઇ રાખો તમો, નવ કરશો પરીતાપ. ૪૯
શેઠ કહે લાખા સુણો, એ સુ બોલ્યા બોલ;
દયો દ્રવ્ય જોઇએ તેટલો, રાખો તમારો તોલ. ૫૦
સું કામ છે કેસનું, એવી બોલ્યા વાત;
મનગમતુ માગો તમો, આપું છું તમ હાથ. ૫૧
શેઠ કહે લાખા સુણો, કરો મનગમતાં કામ;
આપું દ્રવ્ય સવાલાખનો, રાખો તમારૂ નામ. ૫૨

ચોપાઈ.

કેસ મોતીને આપ્યો હાથ, બોલ્યો કર જોડીને વાત;
કીધાં પુરણ હમારાં કામ, રહ્યું તમથી હમારૂ નામ. ૫૩

એમ કહીને લાખો ગયો, ઉમંગ મનમાં અધીકો થયો;
રાખ્યો કેશને કીધું કાંમ, લાખાને દીધું છે દાંમ. ૫૪
લાખ શવાયો લીધો જાહરે, થયો આપ સુખીયો તાહરે;
લીધો કેશ રાખ્યો ઘરમાંહ, ઘાલી ડબીમાં મુકયો ત્યાંહ, ૫૫
રૂડોછે ઘર કેરો ચોક, ઇટ કાઢી ઘાલ્યોછે ગોખ;
લેઇ દ્રવ્યને લાખો ગયો, આપે શેઠ તે ઘરમાં રહ્યો. ૫૬
કરે મોજ તે રૂડી પેર, રૂપ રંભા સ્ત્રી છે તેને ઘેર;
સુભ ક્રીડા કરે જાહરે, સ્ત્રી [illegible] તાહરે. ૫૭
સુત પોતાનો છે ગુણ [illegible] આપ;
એક સમે પોહોડ્યા નર [illegible] ૫૮
સુખે રમતાં [illegible] સર્વ સુખ;
મધ્યરાત ગઇ જાહરે, [illegible] ૫૯
સ્ત્રી ભરથાર કરે છે વાત, [illegible] ગાનસાથ;
એ વાત એટલેથી રહી, [illegible] થઇ. ૬૦
દેખાડયો પુર્વ તણો પરીવાર, [illegible] નમસ્કાર;
નાગ વેશ ધર્યો છે તહીં, મોતીશા પાસ આવ્યા વહી. ૬૧
આવ્યો વેગે કરીને જોર, કર્યો શબ્દ ગાજ્યો મોહા ઘોર;
કરી રહ્યો છે રાગ મલાર, આવ્યો છે મોતીશા દ્વાર. ૬૨
ઝબકીને ઊઠયો જ્યાહરે, સ્ત્રીએ હાથ ઝાલ્યો ત્યાહરે;
કેમ ઉઠયા સ્વામી માહારાજ, મધ્ય રાત્રીએ શું છે કાજ. ૬૩
ચાકર માણુશ ઘરમાં ઘણું, આપ પુન્યેથી સુખીયાં ઘણું
સેઠ કહે સાંભળ તું ખ્યાત, કહું એક મારા મનની વાત. ૬૪
મન ચીંતા છે મારે ઘણી, સુણયો વાત તે જાવા તણી
ઊઠયો વેગે ઉભો થયો પોહોડયો પુત્ર તે પાસે ગયો; ૬૫

દોહરો.

ધરણે બાળક પોહોઢીયો, મુકે ફેરા ખાય;
આંસુ ઝરે લોચન વીશે, હઈડુ ફાટી જાય. ૬૬
બાળક તું સુખીઓ રહે, જાવું મારે ઘેર;
અમ હું છુટયો તાહરો, ત્રુટી આપણી પેર. ૬૭
જીવી જીવો ડુંગર તણી, કરજો રૂડાં કામ;
રાજ્ય ચલાવો રીતસું, રાખો હમારૂં નામ. ૬૮
રાજ રીત સુપુતને, કહુ છું તુજને વાત;
પીતા સુખ નહી તાહરે, કરજો આપો આપ. ૬૯
એમ કહી ત્યાંથી વળ્યો, આવ્યો ઘરને બાહાર;
નાગ રૂપે બાલો કરયો, પડીયો તેણે હાર. ૭૦
પ્રલય થયો છે તે સમે, થયો મોટો માહા ઘોર;
સુના પડયાં તે માલીયાં, જાણે આવ્યો રોગ. ૭૧
સજ્જન સહુ દુખીયાં થયાં, મોટાં થયાં નીરાશ;
માત પીતા રૂવે ઘણું, નાખીને નીસવાસ. ૭૨
મોતી મોતી મુખથી કહે, નવ બોલે મોતી મુખ;
મુત સજ્જન કોઈએ નહીં, ધરી બેઠાં માહા દુઃખ. ૭૩
હઈડું હણે જ [illegible], કરે માહા ઉતપાત;
લોક સરવે રૂવે ઘણું, મોટી થઈ છે ખ્યાત. ૭૪
પ્રલય થયો છે સેહેરમાં, સહુ ઘસે છે હાથ;
મુત બાલ મોતી થયો, તે મોટો ઉતપાત. ૭૫
કુલ આચારી કીધી ઘણી, સ[illegible] થયાં ઉદાસ;
આશા મુકી મોતી તણી, નાખીને નીશવાસ. ૭૬

ચોપાઈ.

એ વાત એટલેથી રહી, બાગ પેસામાં સી ગત થઈ;
મારી એક છટી જાહરે, ઉઠયો મોતીશા તાહરે. ૭૭
બાવા બોલ્યો તેણી વાર, સાંભળરે મોતીશા બાળ;
એસ આરામ ભોગવી ઘણી, બુઝયો વાત તે આવવા તણી. ૭૮
કર્યું વાત વીચારી પેર, જાઓ સુખીઆ પોતાને ઘેર:
મરજે વીચાર પોતાની બુધ, વાત ન કરશો કોઈને સુધ. ૭૯
ગયા શેઠ પોતાને ઘેર, જાઈ સરવે ઉજેણીની [illegible];
ત્યાંથી ઘેર આવ્યો તે સાર; સાંભળરે તું ઘરની નાર. ૮૦
રસોઈ સુંદર કરજે નમો, તેડી લાવું બાવાને જમા
રસોઈ સુંદર કીધા પાક, ચાલ્યો મોતી પાછો બાગ. ૮૧
બાવાને લાવ્યો તે ઘેર, [illegible] તેની પેર,
ભોજન કીધું બાવે સાર, આશીરવાદ દીધા તે વાર ૮૨
શત વરસ જીવે તું બાળ, દુખ વેળા લેસુ સંભાળ:
તમને દુખ પડે જાહરે, હમને યાદ કરજો તાહરે. ૮૩
થયો અલોપ પોતે મહારાજ, કરે શેઠ તે ઘરનું કાજ;
એ વાત એટલેથી રહી, શેહેર ઉજનમાં સી ગત થઈ. ૮૪

દોહરો

એમ કરતાં દીન વહી ગયા, થયા માસ બે ચાર;
લાખો વણઝારો લખપતી આવ્યો તેણે ઠાર. ૮૫
આવ્યો મલપતો સેહેરમાં, મોતીશાને પાસ;
હાક મારી ત્યાં હેતસું, દીઠાં મુખ ઉદાસ. ૮૬
ક્યાં ગયો મોતી માહરો, ડાહ્યો મારો શેઠ;
કે હરસાણું વીગતે કરી, લેને હમારી ભેટ. ૮૭

મોતીશા આવ્યા બારણે, જાવું મારે દેશ;
આપ સતાવ્યો ઘણો તમો, આપો હમારો કેશ. ૮૮

ચોપાઇ

બોલ્યો મોતીશાનો બાપ, સાંભળ લાખા મારી વાત;
મોતી સંગે માસ થયા છે ચાર, સુનાં પડયાં છે સરવે દ્વાર. ૮૯
શુ વાત જાણું કેસરજ તાણી, પુછે તે તું ઘરનો ધણી;
સાર કહું સાંભળજે વાત, કીધો મોતીએ ઉતપાત. ૯૦
નથી જાણતો હું તારો કેશ, ક્યારે લીધાતો બાળે વેશ;
નથી જોહતો મારે દામ, તું જઈ કરજે તારૂં કામ. ૯૧
ઘણા [illegible] સરવે લોક [illegible] સરવે ક્રોક;
લાખો કહે [illegible] તા છો હમારી સાથ. ૯૨
[illegible] દૂરેની [illegible] માં ગયો મારો મોતી વીર;
ક્યાં જાવુંને ક્યાં [illegible] વાતો શી રીતે રહું. ૯૩

દોહરા

નીશવાસ મુકયો લાખે ત્યાંહાં, ભાગી મનની આશ;
કેશ ગયો મોતી ગયો, થયો મહા નિરાશ. ૯૪
ચાલ્યો વેગે વાટમાં, ફરતો બાધે દેશ;
ઘણે દીવશે આવીયો, ખંભાવતીમાં ઠેઠ. ૯૫
સેહેર પાસ ઉતરી પડયો, કીધું ત્યાંહ મુકામ;
આવ્યો પોતે સેહેરમાં, રાખી મન હામ. ૯૬
તે સમે ત્યાંહાં રાજા ચઢયો, સેન્યા સાથે પુર;
મોતીશાને દીઠો ત્યાંહાં ભેટયો લાખો હજુર. ૯૭
નજર ભેટ બેની મળી, પોતી મનની આશ;
મળી ખુશીથી બોલીયો, થયો મહા ઉલાસ. ૯૮

મોતીશાએ લાખો નીહાળીઓ, પ્રતક્ષ બતાવી પેર ;
શાંન કરી પાછો વળ્યો, આવ્યો પોતાને ઘેર. ૯૯
સેન્યા મરડાવી ચાલીયો, પાછો ફર્યો તે રાય ;
મધ્ય રાતે મોતી ત્યાંહાં, લાખા પાસે જાય. ૧૦૦
ભેટ એની જુગતે થઇ, સરવે કહી કથાય ;
સુખ સાતાજી છો તમો, હઈડું સીતાળ થાય. ૧૦૧
લાખો કહે મોતી સુણો, ખેલ થયો સી પેર ;
આખું નગર ઝાંખુ થયું, સરવે દુખી તુજ પેર. ૧૦૨
માત પીતા રૂવે તાહરાં, સુનાં પડયા તુજ ઘેર ;
હાહાકાર થયો નગરમાં, થયો છે મોટો કેર. ૧૦૩
આપો કેશ હમારડો, લ્યોને તમારા દામ ;
લાખ સવાયો લ્યો તમો, કરો હમારૂં કામ. ૧૦૪
મેહેલે ચાલો તમ તણે, ઉઠોને આપો આપ;
ઉદાસી ભાગો નગર તણી, મળોને મા ને બાપ ૧૦૫
મોતીશા કહે લાખા સુણો, થયું અણઘટતું કાંમ
જન તું મંદીર માહરે, નવ લેઈશ મારૂં નામ. ૧૦૬
પરધરતી પરદેશડે, આવ્યા કામે વાટ ;
બીન કહે આવ્યા હતો, માટે થયા ઉચાટ. ૧૦૭
હવે પત્ર આપું તમો, જાઓ તમો રૂડી પેર;
વાત કરશો નહી માહરી, પોતે મારે ઘેર. ૧૦૮
નામ લીધાથી નાશ છે, સાંભળ લાખા વાત ;
તે માટે તુજને કહું, જોડીને બે હાથ. ૧૦૯
એમ કહી પત્ર આપીઓ, લાખાને તે ઠામ ;
પત્ર લેઇને પરવર્યો, આવ્યો ભીજેણી ગામ. ૧૧૦

કાગળ લેઇ લાખો વળ્યો, ચાલ્યો બાવનવીર;
કેશ લેવા પોતા તણો, હઇડે રાખી ધીર. ૧૧૧

ચોપાઇ

આવ્યો લાખો ઉજ્જેણી ગામ, ટાકુ ઠાલવ્યું તેણે ઠામ;
મધ્ય બજારે પોતે ગયો, મોતીશા ઘેરે આવી રહયો- ૧૧૨
જઇને તે બોલ્યો છે આપ, સાંભળરે મોતીના બાપ;
મોતીશાને દેખાડું હમો, ચાલો મારી સાથે તમો ૧૧૩

દોહરા.

ઘણી હુંશથી બોલીયો, શામળ ડાહ્યા શેઠ;
મોતી દેખાડુ તમતણો, હ્યોને હમારી ભેટ. ૧૧૪
લોક મળ્યું બહું સેહેરનું, મોટું કઉતક થાય;
મોતીશા કાલે બાળીયો, એતે કેમ મનાય. ૧૧૫
પાંચ માશ તેને થયા, લાગ્યો છઠો માસ;
પ્રતક્ષ નજરનું પારખું, ભાગી શહુની આશ; ૧૧૬
કાગળ મોતીશા તણો, આપ્યો શેઠને પાસ;
અક્ષર દીઠા સુતતણા, થયો મોહા ઉલાસ. ૧૧૭
કઉતક દીઠું કારમુ, આ શી બોલે વાત;
લોક સહુ મીથ્યા કહે, કોઇ નવ માને વાત. ૧૧૮
લાખો કહે સહુ સાંભળો, કહું છું તમને વાત;
પ્રતક્ષ બતાવું પારખુ, જો આવો મારી સાથ. ૧૧૯
પત્ર પીતાએ વાંચીયો, મોટું કઉતક એહ;
ભણી વાત લાખાતણી, નહી એમાં સંદેહ. ૧૨૦

ચોપાઈ

કાગળ પોતે વાંચી જોય, લખ્યું તેતો સર્વે હોય;
પોતે સેઠતે ઘરમાં જાય, કહી સરવે માંડી કથાય. ૧૨૧

પછી કરે મનમાં વીચાર; કરવું શું હવે આ વાર;
લખ્યું પ્રમાણે જોવું સહી, એવો વીચાર કર્યો છે તહી. ૧૨૨

દોહરો.

પ્રતક્ષ જોયું પારખું, ઊભો જઈને ચોક;
ડબી કાઢી એક કેડથી, જમણી બાજુ ગોખ. ૧૨૩
કેશ દીઠો તે કારમો, આવ્યો લાખાને હાથ;
જોઈ કેશ પોતા તણો, થયો આપ રળીયાત. ૧૨૪
લાખાને સહુ વીનવે, કરગરી બોલે મુખ;
દેખાડો મોતી હવે, ટાળો હમારૂં દુખ. ૧૨૫
કામની મોતીશા તણી, બોલી તેણીવાર;
સ્વામી દેખાડો અમતણો, હું આવું ત્યાં નીરધાર. ૧૨૬
ઉપકાર માનુ તમતણો, પુરો મારી આસ;
લેઈ ચાલો મુજને હવે, મારા સ્વામી પાસ. ૧૨૭
એમ કહી રથ જોતર્યો, થયા સર્વે તઈયાર;
માબાપ સ્ત્રી મોતીતણાં, લેઈ ચાલ્યો તે વાર. ૧૨૮
માત પીતા સ્ત્રી ચાલીયાં, વેગે લાખા સાથ;
લાખો લેઈને પરવર્યો, આવ્યો તે અંબાત. ૧૨૯
કુટુંબ લેઈ મોતી તણું, આવ્યો તેણે ઠામ;
ડેરા કીધા બાગમાં, રાખીને મન હામ. ૧૩૦
બેસાડી સહુને તીહાં, ચાલ્યો સેહેરની માંહ;
ચાલ્યો દરબારમાં આવીઓ, બેઠો મોતી જ્યાંહ. ૧૩૧
દીઠો દુરથી આવતો, ઉઠ્યો મોતી શેઠ;
નજરે નજર બેની મળી, સામી કીધી ભેટ. ૧૩૨
લાખો કહે મોતી સુણો, આવી વધાઈ આજ;
મોઢા માગ્યું આપે તમો, કરજો રૂડાં કાજ. ૧૩૩

માબાપ આવી આવ્યા તમતણાં, ઉતરીયાં છે બાહાર;
આલો બેટો તેહને, બાગ માંહી નીરધાર. ૧૩૪

ચોપાઇ.

મોતીશા કહે લાખાને વાણ, વગર કહે જઇ કાંધું જાણ;
સાંભળ લાખા મારી વાત, થયો માહા મોટો ઉતપાત. ૧૩૫
ફેરા તારાનું નારે કામ, વગર કરાવ્યું કીધું કામ;
હવે વાત તે સરવે થશે, બધા નગરમા ચરચા જશે. ૧૩૬
હવે તે સી થાશે પેર, લાવો કુટુંબ તું મારે ઘેર;
આજ અણુઘટતું કીધુ તમો, ઝાઝું તમને શું કહીયે અમો. ૧૩૭
ચલાતી વાત વીચારી પડી, ઉઠયો ત્યાંથી તેણી ઘડી;
ડેરા કીધો તો નગરની બાહાર, ચાલ્યો તેડવા તેણી વાર. ૧૮૩

દોહરો.

આવ્યા શેઠ તે તેડવા, સાથે લીધા સુર;
ધસમસ કરતો આવીયો, સેન્યા સાથ ભરપુર. ૧૩૯
ગજ ઉપર વાહન કર્યું, શોભાનો નહીં પાર;
દીઠો ડેરો દુરથી, આવ્યા તેણે ઠાર. ૧૪૦
શેઠ મળ્યો માબાપને, પુર્વ તણો સંસ્કાર;
નારી દીઠી ખાંતસુ, વરત્યો જય જયકાર. ૧૪૧
મળ્યો સરવેને ખાંતસુ, કીધો અદકો સ્નેહ;
વાત કરવા લાગ્યાં ઘણી, દુધે વુઠયા મેહ. ૧૪૨
શેઠ કહે ભલે આવીઆં, ભલાં કીધાં છે કાજ;
ખાઓ પીઓ સુખ ભોગવો, નહીં જાણે નગરનો રાજ. ૧૪૩
છાની વાત રાખો સહુ, ચાલો મારી સાથ;
ખાતાં પીતાં રહો, નહીં થાય નગરમાં વાત. ૧૪૪

સહુને લેઇને સંચર્યો, આવ્યો નગરને માંય ;
ઉતાર્યા એકાંત સું, ધીરજ રાખી ત્યાંય. ૧૪૫
વળતો ત્યાંથી ચાલીયો, આવ્યો મધ્યે બજાર;
ઘર લીધું એક આગવું, સાહીત સરવે તયાર. ૧૪૬
શું શોભા કહું તેહની, કેહેતાં નાવે પાર;
દ્રવ્ય માલ ભર્યો ઘણો, જેનો સંખ્ય ને પાર. ૧૪૭
સહુને રાખ્યાં તેહમાં, સુપ્યા ગરથ ભંડાર ;
કુંચી સુપી બાપને, બોલ્યો તેણે ઠાર. ૧૪૮
માલીક હું તો ગામનો જે આપે છે દામ ;
ખાઓ પીઓ સુખ ભોગવો, કરો મન ગમતા કામ. ૧૪૯
પાસે બેઠો માબાપને, વચને બાંધ્યો સાર ;
આગ્યા માગી બોલીયો, હું જાવું રાજ દુવાર. ૧૫૦

ચોપાઇ

એમ કહીને ચાલ્યો શેઠ, રહ્યું કુટુંબ હરીને હેઠ ;
રતન બાપને લાગ્યો પાય, ચાલો આપ નગરમાં જાય, ૧૫૧
આવ્યો આપ પોતાને ઘેર, કરે રાજ તે રૂડી પેર ;
એમ કરતાં ગયા બહુ દન, પોતે આપ વીચાર્યુ મન. ૧૫૨
કરે કાજ ઘર કુલજ તણું, કરે ચીંતા તે મનમાં ઘણું ;
વાત નગરમાંહે સંચરી, શેઠ તણે દીલ ચીંતા ભરી. ૧૫૩
પોહોર બે પોહોર પોતાને ઘેર, જાય પાછો પેસે તે ઘેર ;
એમ કરતાં માસ થયા છે ચાર, ચાલી વાત મોટે વીસ્તાર. ૧૫૪
આવ્યો નજરબાજ રૂડી પેર, દીઠો શેઠ પરસ્ત્રીને ઘેર ;
વીગતેથી જુવે જેટલે, બેઠો મોતીશા તેટલે. ૧૫૫

નજરબાજ તે સરવે દીઠ, જશા રાજાને બાહેર કીધો;
એવું ફળ જેમ છાનું રહે, છાની વાત તે સહુને કહે. ૧૫૬

દોહરો

ગયા કુંવરીઆદી કારણે, રાવ લહ્યા તે વાર ;
શેઠ મોતીશા ક્યાં ગયા સુણો રાય નીરધાર. ૧૫૭
ત્યારે ભગત બોલીઆ, સાંભળ સહોદર ધીર ;
પાટ ભણો મોતી વીના, ક્યાં ગયા મારો વીર. ૧૫૮
નજરબાજ કહે રાવન સુણો, કહુ તમને એક વાત ;
એ તીશા પરઘેર પરવર્યા, થયો માહા ઉતપાત ૧૫૯
સુણી રાય અચરત થયા, કેમ માનુ એ વાત ;
મોતીશા સતવાદીઆ, કરે નહીં ઉતપાત. ૧૬૦
નજરબાજ વાણી વદે, દેખાડું આ વાર ;
અતશે નગરનુ પારખું, આવો મારી લાર. ૧૬૧
સુણી રાય તો ઉઠીયા, સાથે છે જણ ચાર ;
મેહેલ જઇ ઉભા રહ્યા મોતીશા કેરે દ્વાર. ૧૬૨
રાય નીચે ઉભો રહ્યો, ઉપર મોકલ્યા દાસ ;
મોતીશાને લાવો જઇ, જલદી મારી પાસ. ૧૬૩
ગયા દાશ તે તેડવા, ચડીયા ઉપર માલ ;
શેઠને પાસે આવીયા, બોલ્યા તે તતકાલ. ૧૬૪
ચાલો ઉઠો સેઠજી, વીગતે આણીવાર ;
વાર ન કરશો આ ઘડી, રાય કોપ્યો અપાર. ૧૬૫
શેઠ તે ત્યાંથી ઉઠીયા, વેગે ચાલ્યા સાર ;
થયા સરવેને આગળ, આવ્યા રાજ દુવાર. ૧૬૬
રાય ક્રોધસું બોલીયો, ભમર ચડાવ્યું શીસ ;
કોના ઘરમાં પરવર્યા, સાચું કહો આ દીસ. ૧૬૭

ચોપાઇ.

રાજદુવારે આવ્યો જ્યારે, રાજાએ પુછ્યું ત્યારે;
બોલ્યો તે નગરનો ધણી, માહા ક્રોધસું આંખ્યો ફરી. ૧૬૮
પુછું વાત આજ રૂડી પેર, આપ ગયા હતા કોને ઘેર;
માહા ચતુર જાણું છું હમો, આજ અણુઘટતું કાધું તમો. ૧૬૯
સત્યવાદી જાણું છું સુખ, તે માટે કહું છું સુખ;
ખરી વાત કહોને આજ, ગયા હતા તમે કોને કાજ. ૧૭૦
કોણ બાળા એ કોની નાર, સાચું બોલોને આણીવાર,
સાચું બોલે છે ઘણું સુખ, જુઠું બોલશો તો દેશું દુઃખ. ૧૭૧
સાચું હોય તે સત્ય કહો. નગર મારામાં નિરભે રહો;
કરડી રાયની દીઠી દષ્ટ, મોતીશા મનમાં પામ્યો કષ્ટ. ૧૭૨

દોહરો.

મોતીશા ત્યાં બોલીઆ, સુણો નગરના રાય;
મોતી પરઘેર પરવરે, તો મોટો પ્રલ્લે થાય. ૧૭૩
એતો ઘર છે માહરૂં, સાંભળજો તમે આપ;
એ નારી છે માહરી, એ પુર્વે તણું માબાપ. ૧૭૪
ગરથ ભરયો છે માહરો. એ છે મારો માલ;
તે માટે સુખથી રહું, બેઠો કરૂં છું ખ્યાલ; ૧૭૫
રંગ રમુ સુભ રીતસું, બેઠો ખાઊં પાન;
એમાં તે સંદેહ શો, સુણજ્યો રાજા કાન. ૧૭૬
સભા સરવે જોઇ રહી, દેખે આખું ગામ;
લોક સહુ વીસ્મે થયું, કૌતક તેણે ઠામ. ૧૭૭
ત્યારે રાજા બોલીઓ, સાંભળ ચતુર સુજાણ;
ઘણું હેત પુછું અમો, સાચું કહો નીરવાણ. ૧૭૮

માત પીતા જે તમતણાં, દેખાડું આણી ઠામ ;
પ્રતક્ષ નજરનું પારખું, રહે છે મારે ગામ. ૧૭૯
પૃથ્વી આદે સંસારમાં, દીસે ખરો વેહેવાર ;
માતપીતા સહુને એક છે, મનમાં કરો વીચાર. ૧૮૦
કઉતક દીઠું કારમું, મોટું થયું છે હાસ ;
સત્ય વાત કોજે તમો, માંડી સરવે પ્રકાશ. ૧૮૧

ચોપાઈ.

કેહે મોતીશા શાંભળરે રાય, એ કથા કહી નવ જાય ;
કથા કેહેતાંમાં જાશે પ્રાણ, એ વાતે નહીં આવે લાણ. ૧૮૨
રાજા હઠ ધરીને રહ્યો, મોતીશા કથા તે કહ્યો ;
લીધી હઠ તે તેણી વાર, કહો વાત માંડી નીરધાર. ૧૮૩
અનેક તરે સમજાવ્યો રાય, નહીં માન્યુ એકે ઉપાય ;
મોતીશા તે થાકી રહ્યો, વાત કહેવાને તતપર થયો. ૧૮૪
માસ છનો કીધો વાયદો, એ વાત કહે નહીં ફાયદો ;
માગી મુદત લીધી જાહરે, રાએ હઠ છોડી તાહરે. ૧૮૫
પછી શેઠ શું કીધું કામ, લોક સરવે માન્યું તે ઠામ ;
આ ઘેરને પેલે ઘેર, કરે મુજરે, તે સહુને પેર. ૧૮૬
સહુને છે એક મા ને બાપ, આજ થયો મોટો ઉતપાત ;
એમ કરતાં વીત્યા ખટમાસ, રાજા નવ પુછે છે વાત. ૧૮૭

દોહરો.

નગર પડો વજડાવીયો, કહી સરવેને વાત ;
એ માબાપ મોતી તણાં, સાંભળજો સહુ સાથ. ૧૮૮
વાત સુણી મોતી તણી, આવ્યાં સરવે મસાણ ;
સેહેર આખામાં વરણવ્યું, સહુને કર્યું છે જાણ. ૧૮૯

શકટ ભરાવ્યાં કાષ્ટનાં, આવ્યો બાવન વીર :
લોક મળ્યું જોવા બહુ, નવ રહી કોઇને ધીર. ૧૯૦
ચોહટે વધ્યું તે પરજળ્યું, થયો સોરબકોર ;
રૂડો રાજા રાજવી, કરે અંધારૂં ઘોર. ૧૯૧
આવ્યાં સર્વ નગરથકી, રાજા પ્રજા સહુ સાથ ;
ચીતા રચ્યો મશાણમાં, કીધાં એવા ઠાઠ. ૧૯૨
ચીતા રચી તે ખાંતસું, કીધા સાતજ ગાળ ;
જુહાર કર્યા તે સરવેને, બેઠા ઉપર બાળ. ૧૯૩
મોતીશા કહે રાજા સુણો, કહું સર્વે હવાલ ;
સુખે રાજ કરજો તમો, અમારું બોલણ થાય. ૧૯૪
કહ્યું મારું નવ માનીયું, કીધા અનેક ઉપાય ;
આગે પીછે સુખ ભોગવો, ઇશ્વર કરશે સહાય. ૧૯૫

ચોપાઇ

એમ કહીને બોલ્યો શેઠ, કરી વાત હૈયાને હેઠ ;
કથા પુરી થઇ જ્યારે, કાપ્યું મસ્તક તે વારે. ૧૯૬
ગેબી શબ્દ થયા છે ત્રણ, પામ્યા એક પલકમાં મરણ ;
કલ્પાંત થયો તે વાર, પડ્યો રાય પૃથ્વી મોઝાર. ૧૯૭
થયું ઉદાસ નગરનું લોક, રાયે વાહ કર્યો તે ફોક ;
હાહાકાર થયો તે વાર, ધરે શોક સૌ દીલ મોઝાર. ૧૯૮

દોહરો.

બાંદીઓ બે પાસે હતી, સજ્યા સોળ શણગાર :
ચડી બેઠી તે ઉપરે, ક્ષણું ન લાગી વાર. ૧૯૯
બહુ રૂદન કરે ઘણું, કરે ઘણો ઉતપાત ;
સીસ પછાડે પૃથ્વી વીશે, હયડે પછાડે હાથ ૨૦૦

શામ કામ મૃગ લોચની, ભાગી મદનું માન ,
જીતતા વરસ સોળા તણી, ધણી ચતુર સુ જાણ. ૨૦૧
નીર કેશ સવા ગજ તણું, રૂપ છે બાળ વેશ ;
નાતી પરોવ્યાં ખાંતસું, છુટા મેલી કેશ. ૨૦૨
અરગ ચંદન મેલી રહ્યાં, ટીલડી કીધી ભાળ ,
[illegible] ૨૦૩
સાહીલીઓ બે સાથે લઇ, જોવા ન્યાસી રાય ;
બેઠ રંગ રાજા તણી, બેઠી સ્વામી સાથ. ૨૦૪
એટલે રાજા ઉઠીઓ, થયો માહા વિલાસ ;
ધીક ધીક મારૂં જીવતું, જાય છે મારા પ્રાણ. ૨૦૫
વેગ [illegible] ઉઠીઓ, બેઠો ચીતાની માહ ,
નાતીશા કેરે કારણે, મરવું માંડે આહ. ૨૦૬
આવ્યા મારા પ્રાણનાથ, લગોલગ લાગુ પાય ,
નાતીશા કેરે કારણે, મારી ચોપટ ઉઠી જાય. ૨૦૭
એમ ચીતામાં એકઠા, ચાર મનુશ તે જાણ ,
નાતીશા પોઢી રહ્યો, પોતે પામ્યો મરણ. ૨૦૮
માત પીતા રૂવે ઘણું, કરે આપ કલેશ ,
શું જીવવું આ સંસારમાં, પુત્ર ગયો પરદેશ. ૨૦૯
કરે વીચાર સહુ દીલ વીશે, આવી નવ લે હાથ ;
કેટલું ચેતાવે તેહને, વીચાર કરે મન સાથ. ૨૧૦
આંચે મન પીચારીયું, કોઇ નાવ મેલે આસ ;
જુટ બંધ આ ભવ તણા, થાસે નાહા ઉલાસ. ૨૧૧
ઉતરી નીચે ખાંતસું, અમી લીધી હાથ ;
લટ છુટી છે કેશની, લગાવી તે સાથ. ૨૧૨

કડેડાટ થયો નગર વીશે, ઉઠી મોટી જ્વાળ ;
બાવો આવ્યો બાળનાથ, ઊભો તે તતકાળ. ૨૧૩
બાવો બોલ્યો રીઝશું, સાંભળજો સહુ જન ;
ખાઓ પીઓ સુખ ભોગવો, સુખી રહો બહુ દીન. ૨૧૪

ચોપાઇ

એમ કરી ઉભો તે વાર, મારી એક છડી તે વાર ;
ઝબકી મોતીશા બેઠો થયો, આનંદ સહુને અંગે થયો. ૨૧૫
હરખ્યા લોક ત્યાં અપરમપાર, હરખ ધરી દીલડા મોઝાર :
રાજન ત્યાં થયો રળિઆત, મોતીશાનો ઝાલ્યો હાથ. ૨૧૬

દોહરો

મોતીશા ત્યાં ઉઠીયો, બાવાને લાગ્યો પાય ;
હરખ ઉલાશ સહુને થયો, વરત્યો જયજયકાર. ૨૧૭
શેઠ મળ્યા માબાપને, ભાગી મન ઉદાસ ;
જેજેકાર સહુને થયો, પુરી સહુની આશ. ૨૧૮
બે બાપ મળ્યા પ્રતક્ષ સું, બે મા ને લાગ્યો પાય ;
સ્ત્રીઓ હરખી દીલ વીસે, પુરી તેની આશ. ૨૧૯
હરશ થયો છે સરવેને, પામ્યા મન ઉલાશ ;
ઘણી ખુશીથી ભેટીયા, સહુની પુરી આશ. ૨૨૦

ચોપાઇ.

એટલે રાજા બોલ્યો વાત, ખરો મોતીશા તું સાક્ષાત ;
તેં કહ્યું તે સરવે ખરૂં, કોઇ વાત બીજી નવ કરૂં. ૨૨૧
ખરાં એ તારાં માબાપ, આજ થઇ જગતમાં છાપ
વાત તારી તો સરવે ખરી, લોક સહુના રદીઆમાંહરી. ૨૨૨

કે મારો જીવન પ્રાણ, સાચું કહું સરવે નીરવાણ ;
જુગ જીનામેં રહ્યું નવ જાય. ઘડી એકસો વરસની થાય. ૨૨૩
માટે કહુંછું તમને પેર, આવો સરવે મારે ઘેર ;
એમ કહ્યું રાયે ત્યાહરે, ઘેર વળ્યા સહુકો ત્યાહરે. ૨૨૪

દોહરો.

વળતો રાજા બોલીઓ, સાંભળ મારા સેઠ ;
સરવે પધારો નગરમાં, સહુની કરાવું ભેટ. ૨૨૫
પુષ્પ કરાવ્યાં સુવર્ણનાં, વધાવી લીધો સેઠ ;
નાહાના લોક આવ્યું ઘણું, કરવા તેની ભેટ. ૨૨૬
કોર પોશાક રાયે કર્યો, બેસાડ્યો પોતાની પાસ ;
જયજયકાર થયો ઘણો, મન થયો હુલાસ. ૨૨૭
પાટ સાંચરાવ્યાં વાટમાં, પુષ્પ વેર્યા છે તેહ ;
રાગ છત્રીસ થઈ રહ્યા, દુંદુભ ગુડ્યા મેહ. ૨૨૮
કુટુંબ હતું માનીતાનું, તેડ્યા રૂડા બાલ ;
ખાઓ પીઓ સુખ ભોગવો, ખુબ કરીને ખ્યાલ. ૨૨૯
સરવે લોક ત્યાંથી વળ્યું, આવ્યું રાજ દ્વાર ,
ખુશાલી વાધી અતી ઘણી, વરત્યા જેજેકાર. ૨૩૦
રાજ મંદિરે સભા કરી, વહેંચ્યાં શ્રીફળ પાન ;
શ્રી ગીતાગ થયા ઘણાં, ગાય ગુણી જન ગાન. ૨૩૧
બંદીજનને છોડીયા, જાચકને દીધાં દાન ;
ભાટ ચારણ સંતોષીઆ, દીધાં ઝાઝાં માન. ૨૩૨
બ્રાહ્મણ વેદ ભણે ઘણા, દે સહુને આશીષ ;
રાજ અચળ રહો સદા, સુર્ય ચંદ્ર અહોનીસ. ૨૩૩
વાત બખાણી વીગતસું, ઈશ્વર કેરો અંત ;
શ્રાપો શ્રાજ પરમેશ્વરે, ધરમે ગાયા તોહ. ૨૩૪

ષટ સંખ્યા છે એહની, ક્યાંહી કવિતા જોડ ;
એક વાર સહુ બોલજો, જય જય શ્રી રણછોડ.
આ કથા જે સાંભળે, થાય પૂરવનું જ્ઞાન ;
આ લોકે સુખ ભોગવે, પરલોકે ઊંચું માન. ૨૩૬
સહુ જનની કર વીનતી, હાથ માં હેસો જોડ ;
રંક થઈને વરણવું, જય જે શ્રીરણછોડ. ૨૩૭
રૂડ મતી છે માહરી, લાગુ સરવેને પાય ;
સેવક સદા છું સર્વનો, કરજ્યો મારી સહાય. ૨૩૮
બેઉ કર જોડી વરણવું, ગીત નમાંગી પાસ ,
નીરમળાની રક્ષા કરો, પુરો મનની આશ. ૨૩૯
સહાય કરે તું અદુચરા, રાખો લાજ આ વાર ;
એ કથા સંપુરણ થઇ, વરત્યો જયજય કાર. ૨૪૦
અલ્પ બુદ્ધીથી વરણવું, કવીજન કેરે દીસ ,
ક્ષમા ભુલ સહુ કીજ્યો, રોષ ન કરશો રીસ. ૨૪૧
સંખ્યાનું વરણવ કરૂં કહું સરવેને દાસ ;
વીગતેથી વાંચી જુઓ, બસો ને બીસ્તાલીસ. ૨૪૨
ગુણવંતી ગુજરાતમાં, દડર પરગણું ગામ ;
વીપ્ર વાસ બડોલીએ, ગીરધર તેણે ઠામ. ૨૪૩
માતા સંવત ઓગણીસ, ચાલીસ ઉપર ચાર ;
બીજા શરદતર સુદમાં, નવમી શુકર વાર ૨૪૪
રચી વાત વીગતે કરી, કહું છું બેઉ કરજોડ ;
એક વાર સહુ બોલજો, જય જય શ્રી રણછોડ. ૨૪૫

॥ સંપુરણ. ॥